अनित्याशरण - संसारैकत्वान्यत्वाशुचित्वास्रव - संवर - निर्जरा - लोक - बोधिदुर्लभ - धर्मस्वाख्याततत्त्वानु - चिन्तनमनुप्रेक्षाः ९-७

અનિત્યાશરણ - સંસારૈકત્વાન્યત્વા - શુચિત્વાસ્રવ - સંવર - નિર્જરા - લોક - બોધિદુર્લભ - ધર્મસ્વાખ્યાતતત્ત્વાનુ - ચિન્તનમનુપ્રેક્ષા: ૯-૭

અનિત્ય - અશરણ - સંસાર - એકત્વ - અન્યત્વ - અશુચિત્વ - આસ્રવ - સંવર - નિર્જરા - લોક - બોધિદુર્લભ - ધર્મસ્વાખ્યાતત્વ - અનુચિંતનમ્ અનુપ્રેક્ષા: ૯-૭

**સૂત્રાર્થ:** (૧) અનિત્ય (૨) અશરણ (૩) સંસાર (૪) એકત્વ (૫) અન્યત્વ (૬) અશુચિત્વ (૭) આસ્રવ (૮) સંવર (૯) નિર્જરા (૧૦) લોકસ્વભાવ (૧૧) બોધિદુર્લભ (૧૨) ધર્મસ્વાખ્યાત. એમ ૧૨ પ્રકારની અનુપ્રેક્ષા (ભાવના) છે.

**ભાવાર્થ:** પરમ પૂજ્ય શ્રી વિનયવિજયજી મહારાજ સાહેબે ઉપરની ૧૨ ભાવનાઓને સમજાવનારો "શાન્તસુધારસ" નામનો અતિ ઉત્તમ ગ્રંથ બનાવ્યો છે. આ ભાવનાઓ ઉપર જેટલું વિવેચન કરીએ તેટલું ઓછું છે. પ્રથમ અતિ સંક્ષેપમાં આ ૧૨ ભાવનાઓના અર્થ સમજ્યા પછી દરેકનું વિવેચન કરીશું.

(૧) **અનિત્ય ભાવના:** તારા સંબંધો, તારા સંયોગો, તારી પોતાની વસ્તુઓ તારી પાસે રહેવાની નથી. તારું શરીર પણ તારું નથી.

(૨) **અશરણ ભાવના:** તને રોગ લાગુ પડે તો તેમાંથી કોઈ પીડામાં (દુઃખમાં) કોઈ ભાગ પડાવે તેમ નથી. દુઃખમાં કોઈ ટેકો આપી શકે તેમ નથી. તારે તારો જ આધાર છે.

(૩) **સંસાર ભાવના:** સમગ્ર સંસારમાં કર્મરાજા જે નાટક કરાવી રહ્યા છે તેની વિચારણા કરવી. સંસાર દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી છે, માટે અસાર છે.

(૪) એકત્વભાવના: આ જીવ એકલો જ આવ્યો છે. એકલો જ જવાનો છે. કર્મોનો કર્તા અને ભોક્તા પણ એકલો જ છે.

(૫) અન્યત્વભાવના: આત્મા દેહથી ભિન્ન છે. દેહ જડ છે. આત્મા ચેતન છે. દેહ વિનાશી છે. આત્મા અવિનાશી છે. દેહ અહીં જ રહેવાનો છે. આત્માનું ભવભ્રમણ ચાલુ છે.

(૬) અશુચિભાવના: માંસ, રુધિર, મેદ, હાડકાં અને ચામડીનું બનેલું આ શરીર અપવિત્રતાની પોટલી છે. એના ઉપર મોહ કરવા જેવું નથી. એનો સારો ઉપયોગ કરવા જેવો છે.

(૭) આશ્રવભાવના: જીવ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને મન-વચન-કાયાના યોગથી કર્મો બાંધે છે, ભારે થાય છે અને સંસારમાં રખડે છે.

(૮) સંવરભાવના: ક્ષમાદિ યતિધર્મો, આઠ પ્રવચનમાતા, બાર ભાવનાઓ, બાવીસ પરિષહો વગેરે દ્વારા આવતાં કર્મોને રોકી શકાય છે

(૯) નિર્જરાભાવના: અનશન, ઉણોદરી આદિ બાહ્ય તપ તથા વિનય, વૈયાવચ્ચ આદિ અભ્યંતર તપ વડે આત્મા ઉપર લાગેલા કર્મોની ~~શુદ્ધિ~~ નિર્જરા ~~વગેરે~~ ~~ઓછાશ~~ થાય છે. કર્મો ઓછા થયા વગર મોક્ષ મળતો નથી.

(૧૦) લોકસ્વભાવ ભાવના: લોકાકાશનું સ્વરૂપ, લોકનું સ્વરૂપ તેમાં રહેલાં આત્માની જન્મ-મરણની સ્થિતિ વગેરે પર વિચારણા.

(૧૧) બોધિદુર્લભ ભાવના: સાચા માર્ગની ઓળખાણ, પ્રાપ્તિ અને આચરણ અતિ દુર્લભ છે. તેની વિચારણા.

(૧૨) ધર્મસ્વાખ્યાત ભાવના: ધર્મ સમજાવનારા અરિહંત પરમાત્મા તથા સાધુ સંતો અને સાચા ધર્મગુરુઓ મળવા અતિ દુષ્કર છે. તેની વિચારણા.

સંદર્ભ ગ્રંથ: શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર: અધ્યાય-૯ સૂત્ર ૯-૭ પૃ. ૭-૧૮

હવે દરેક ભાવનાનું વિસ્તારથી વિવેચન કરીએ.

(૧) <u>અનિત્ય ભાવના</u>: સંસારમાં પ્રાપ્ત થતી સુખદુ:ખના સાધનભૂત સર્વ પૌદ્ગલિક સામગ્રી અનિત્ય છે, નાશવંત છે. આવ્યા પછી અવશ્ય જવાવાળી જ છે. સંયોગ પછી અવશ્ય વિયોગ જ પામનારી છે. માટે હે આત્મન્ તેમાં હર્ષ અને શોક ન કર. રાગ અને દ્વેષ કરવા જેવો નથી. પત્તાના બનાવેલા મહેલની જેમ અથવા આકાશમાં ઘેરાયેલા વાદળની જેમ ક્ષણવારમાં આ સર્વ સામગ્રી હતી ન હતી થનાર છે.

સાંસારિક સુખની સર્વ પણ સામગ્રી મેળવવામાં દુ:ખ, મેળવ્યા પછી સંરક્ષણમાં પણ દુ:ખ અને વિયોગ થાય ત્યારે અતિશય દુ:ખ એમ સર્વકાળે સુખદુ:ખની સામગ્રી દુ:ખદાયી જ છે. સર્વ સામગ્રી પૌદ્ગલિક છે જે સાથે આવી નથી અને સાથે આવનાર પણ નથી. માટે તું તેના પ્રત્યેની આસક્તિ ઓછી કર. આયુષ્ય એ ઝાકળના બિંદુ જેવું છે. ઈન્દ્રિયોના સુખો એ વિજળીના ચમકારા જેવા છે. યૌવન એ કુતરાની પૂંછડી જેવું છે.

આત્મા જ્ઞાનસ્વરૂપી છે. સદા નિત્ય છે. સત્ ચિત્ત અને આનંદમય છે. તે જ તારું વાસ્તવિક સ્વરૂપ છે. તેના તરફ ચિંતન કર. આમ કરવાથી બાહ્ય પૌદ્ગલિક પદાર્થો પ્રત્યે મમતા-રાગ થતો નથી અને તેના મરણે વિયોગકાળે દુ:ખ થતું નથી. તેથી નવા કર્મોના આશ્રવ અટકે છે.

<u>શાન્ત સુધારસના કેટલાક શ્લોકોનું ભાષાંતર</u>:

— હે મૂઢ જીવ! તારા મનમાં પરિવાર આદિ બધા સાંસારિક સંબંધોનો વારંવાર વિચાર કરી, વ્યર્થ મોહ પામે છે. તારું જીવન ડાભના પાંદડા પર રહેલા જલબિંદુ જેવું છે, ક્ષણિક છે.

ચિંતન મહેતા: શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર : અધ્યાય-૯ સૂત્ર ૯:૭ P. ૧+૧૯

— હે આત્મન્ જો: વિષય સુખોનો સંબંધ પીળો ક્ષણભંગુર છે. લોકપાલથી દર્શને જોતજોતામાં જતો રહે છે. આ સંસારની માયા વિજળીના ઝબકારા જેવી છે.

— ફૂલડાંની પાંખડી જેવું કુટિલ છે યૌવન. જોતજોતામાં તે નાશ પામે છે. યૌવનમાં સ્ત્રીઓને પરવશ, નષ્ટ બુદ્ધિવાળા જીવો, વિષયોના કડુરસપૂર્ણ કષ્ટોને કેમ સમજી શકતા નથી? ભારે આશ્ચર્ય છે.

— આ જગતમાં અતિ દુર્જય જરાથી સત્ત્વહીન અને ક્ષીણ દેહવાળા જીવોનું નિર્લજ્જ મન, કામવિકારોને છોડતું નથી. શરમની વાત છે.

— અનુત્તર દેવલોકનાં દેવોના સુખ પણ સમયે તેઓને નષ્ટ થઈ જાય છે. તો પછી બીજી કઈ સંસારની વસ્તુ સ્થિર રહી શકે તેનો પૂર્ણ વિચાર કર.

— જેમની સાથે રમ્યા, જેમની સાથે સ્નેહની વાતો કરી, જેમના વખાણ કર્યાં, તેમને ભસ્મ થયેલા જોઈને પણ આપણે નિઃશંક વર્તીએ છીએ! આવા પ્રમાદને ધિક્કાર હો.

— સમુદ્રના તરંગોની જેમ બધા સજીવ-નિર્જીવ પદાર્થો બને છે ને વિલય પામે છે, ઈન્દ્રજાળ જેવા સ્વપ્નોના અને દિનના સંયોગો મળેલા છે. તેમાં મૂઢ જીવો રંગાઈ જાય છે.

— આશ્ચર્ય! સ્થાવર-જંગમ જગતને હંમેશા ભક્ષણ કરતો કાળ કદાપિ તૃપ્ત થયો નથી; આવા કાળના હાથે સપડાયેલા આપણો પણ છૂટકો થવાનો નથી.

— આત્માનું ચિદાનંદમય રૂપ જાણીને તું સાચા નિત્યસુખનો અનુભવ કર. આ સંસારમાં અહીં પ્રશમરસરૂપ તથા અમૃતરસનું પાન કરવારૂપ ઉત્સવ સંતપુરુષોને વારંવાર હો.

સંકલિત માહિતી: શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્ર: અધ્યાય-૯ સૂત્ર: ૯-૭ 19-20

<u>અશરણ ભાવના</u>: આ સંસારમાં જ્યારે જ્યારે પૂર્વબદ્ધ કર્મોના ઉદયથી આપત્તિઓ અને દુઃખો આવે ત્યારે ત્યારે ભૌતિક સાધનો કે સગાં-સંબંધીઓ કોઈ બચાવી શકતું નથી, કોઈ શરણ લઈ શકતું નથી. છ ખંડના અધિપતિ એવા ચક્રવર્તીઓને પણ કોઈ રક્ષણ આપી શકતું નથી. ભૂખ્યા સિંહના મુખમાં પકડાયેલા હરણના બચ્ચાને જેમ કોઈનું શરણ નથી તેમ દુઃખકાળે કોઈનું પણ શરણ નથી. અનાથિ મુનિની કથા ~~[illegible]~~ પ્રસિદ્ધ છે. પરમાત્માનું શાસન, રત્નત્રયીની આરાધના અને આત્માના ગુણોનું જ વારંવાર ચિંતન એ જ કર્મોને તોડવા દ્વારા શરણ બની શકે છે.

<u>શાન્ત સુધારસના કેટલાક શ્લોકો</u>:

— અનેક પ્રકારે હિતકારી અને પ્રીતિપાત્ર સ્વજનો જ્યારે મૃત્યુના મહાસાગરમાં ડૂબતા હોય છે ત્યારે કોઈ સ્વજન તેમને બચાવી શકતા નથી. માટે હે આત્મન્! તું મહામંગલકારી જિનધર્મનું જ શરણ સ્વીકારી લે અને અત્યંત નિર્મળ ચારિત્રધર્મનું સ્મરણ કર. તે ધર્મ જ તને ડૂબતા બચાવશે.

— જેમ માછીમાર નાના માછલાઓને જોત જોતામાં પકડી લે છે તેમ યમરાજ, હાથી, ઘોડા, રથ અને સંરક્ષક સૈન્ય અને અપ્રતિમ બળવાળા રાજાઓને પકડી લે છે. ભલે તે રાજાઓ યમરાજ સમક્ષ દીનતા કરતા હોય.

— મહાકાળથી બચવા ભલે કોઈ વજ્રના બનેલા ઘરમાં છૂપાઈ જાય અથવા મોઢામાં તણખલું લઈ એ મહાકાળની આગળ પોતાની હાર કબૂલ કરે... છતાં એ નિર્દય કાળ કોઈને છોડતો નથી.

— ભલેને દેવોને આહ્વાન કરનારા મંત્રો, વિદ્યાઓ કે ઔષધિઓના પ્રયોગ કરો અથવા તમારા શરીરને પુષ્ટ કરનારા રસાયણોનું સેવન કરો. યાદ રાખો, મૃત્યુ તમને છોડવાનું નથી.

— ભલે તમે લાંબા સમય સુધી પ્રાણાયામ કરીને શ્વાસનિરોધ કરો. ભલે તમે સમુદ્રની પેલે પાર જઈને રહો, ભલે તમે પહાડોના શિખર ઉપર ચઢી જાઓ. પરંતુ એક દિવસ તમારું આ દેહનું પિંજરું ખાલી થવાનું જ છે.

— કાળાભમ વાળથી શોભતા મસ્તકને સફેદ કરી નાંખનારી અને સુંદર શરીરને કુબ્જ કરી નાંખનારી "જરા" વૃદ્ધાવસ્થાને રોકવા કોણ સમર્થ છે? કોઈ જ સમર્થ નથી.

— જ્યારે મનુષ્યના દેહમાં ઉગ્ર કોટિના રોગો ઉભરાય છે ત્યારે એને કોણ બચાવી શકે છે? કોઈ જ નહીં. રાજાની પીડા રાજા એકલો જ સહન કરે છે. તમારી પીડા તમારે એકલાએ જ સહન કરવાની છે, કોઈ ભાગ નહિ પડાવે.

— એમ સમજીને હે આત્મન્! દાન-તપ-શીલ અને ભાવ-રૂપ ચતુર્વિધ ધર્મનું જ શરણું તું અંગીકાર કર. સમતાની શત્રુ મમતાનો સંગ તું છોડી દે અને શિવસુખના નિદાનરૂપ શાન્ત સુધારસનું આસ્વાદન કર્યા કર.

(૩) સંસારભાવના: સર્વે જીવો ચાર ગતિરૂપ સંસારમાં સતત ભ્રમણ કરે છે. એક ગતિમાંથી બીજી ગતિમાં અને બીજી ગતિમાંથી ત્રીજી ગતિમાં જન્મ મરણ કરી રખડયા જ કરે છે. પિતા મરીને પુત્ર અને પુત્ર મરીને પિતા થાય છે. માતા મરીને પત્ની અને પત્ની મરીને માતા પણ થાય છે. સ્વજન હોય તે પરજન થાય અને પરજન હોય તે સ્વજન થાય છે. જેના સાથે ગાઢ મૈત્રી હોય તે પણ સ્વાર્થ પૂર્ણ થતાં શત્રુ થાય અને જે શત્રુ હોય તે સ્વાર્થ સાધવા માટે મિત્ર થાય છે. નાની ઉંમરમાં જ ઘણીવાર પતિને પત્નીનો વિયોગ અને પત્નીને પતિનો વિયોગ થાય છે. નાનાં નાનાં બાળકોને માતાનો વિયોગ અને માતાને બાળકોનો વિયોગ થતો નજરે દેખાય છે. એક બાજુ ધંધામાં ભાગીદારના કાવાદાવાથી દીકરાનો વિયોગ અને બીજી બાજુ હાર્ટએટેક આદિના રોગોથી પત્નીનો વિયોગ થાય ત્યારે લાગે કે "સંસાર ખારો ઝેર છે" જ્ઞાનીઓ જણાવે જ છે કે સંસાર આવો દુઃખમય જ છે. તેમાં ઈન્દ્રિયજન્ય સુખ થોડું છે અને દુઃખનો ભાર મોટો છે. આવું વિચારવાથી નિર્વેદ થાય છે. સંસારસુખને પણ જીવ દુઃખ માને છે. આ સંસાર અરહટ્ટ સમાન છે અને સમુદ્રસમાન પણ છે.

શાન્ત સુધારસના કેટલાક શ્લોકો:

— હે જીવ! મોહ શત્રુએ તને ગળેથી પકડીને, ડગલે ને પગલે ત્રાસ આપેલો છે. તું આ સંસારને જન્મ-મૃત્યુના ભયથી ભરેલો જો અને તેને અત્યંત બિહામણો સમજ.

— હે મૂઢ જીવ! સ્વજન-પરિજનો સાથેના તારા મીઠા સંબંધોના બંધન વ્યર્થ છે. કાલે જે પરાયા હતાં તે આ સંસારના નવા નવા અનુભવો નથી બનતા શું? જરા શાંતિથી વિચાર કર.

— ક્યારેક તું તારી સંપત્તિથી અભિમાની બને છે, તો ક્યારેક દરિદ્રતાથી દીનતા કરે છે. તું કર્મોને પરાધીન છે. માટે દરેક જનમમાં તું નવા નવા, જુદા જુદા રૂપ ધારણ કરે છે. સંસારના રંગમંચ ઉપર તું એક નાટકિયો છે.

— બાળપણની દશામાં હોય ત્યારે તું તદ્દન પરવશ બનેલો હોય છે. જ્યારે યુવાનીના જોરમાં હો ત્યારે અભિમાનથી ઉન્મત્ત — મદોન્મત્ત બની જાય છે, જ્યારે ઘડપણ આવે છે ત્યારે દુઃખો વડે તારું શરીર તેમજ જરાથી જર્જરિત થઈ જાય છે અને આખરે યમરાજાના હાથમાં પડી તેનો આક્રંદન થઈ જાય છે.

— આ સંસારમાં ભવના પરિવર્તન સાથે પુત્ર પિતા બને છે, પિતા પુત્ર બને છે. તું આવી સંસાર સ્થિતિની વિષમતાનું ચિંતન કર અને આવા સંસારના હેતુભૂત પાપોનો ત્યાગ કર. હજુ આ મનુષ્યજન્મ રૂપી શુભ સામગ્રી તારી પાસે છે, માટે પુરુષાર્થ કર.

— હે જીવ, જે સંસારમાં તું અનેક પ્રકારના દુઃખ, ચિંતાઓ અને રોગોની અગ્નિ જ્વાળાઓમાં પ્રતિદિન બળ્યા કરે છે, તે સંસાર પર તું રાગ ધારણ કરે છે? પરંતુ એમાં તારો દોષ નથી. મોહ મદિરા તેં ઢીંચી-ઢીંચીને પીધી છે. તેથી તારી બુદ્ધિ નાશ પામી છે. અફસોસની વાત છે.

— આ કાળ-મહાકાળ એક જાદુગર છે. આ સંસારમાં જીવોને એ સુખ સમૃદ્ધિ બતાવે છે અને પછી એ માયાજાળ સંકેલીને લોકોને બાળકની જેમ ઠગે છે. સંસાર એક ઇન્દ્રજાળ છે. સાચું કંઈ નથી.

— હે આત્મન્! તું તારા મનમાં વિનાશશીલતાનું ચિંતન કર. એ વિનાશશીલતા જ સંસારના સર્વ ભવોનો નાશ કરશે. શમરસનું અમૃતપાન કરીને તું મુક્તિને પ્રાપ્ત કરીશ. એ મુક્તિ સર્વ દુઃખોના સંપૂર્ણ વિલયરૂપ છે અને શાશ્વત સુખનું એક માત્ર ધામ છે.